ગાંધીનગર સમાચાર

કોલવડા આયુર્વેદ કોલેજ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થઈ જશે

# જિલ્લામાં ૭૦ મુખ્ય શિક્ષકોની ભરતી કરાઈ છે

**ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં બે વર્ષમાં રૂ. ૫૦૯ લાખનો ખર્ચ કરાયો છે : વિદ્યાલક્ષ્મી બોન્ડમાં ૧૨ લાખ ૨૮ હજારનો ખર્ચ થયો છે : ૫૦ ટકા કરતાં વધુ પ્રા. શાળામાં કોમ્પ્યુટર લેબ નથી : ૯૦ લાખનો ખર્ચ પ્રા. શાળાના બાળકોને વાહન સુવિધા પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની ૬૨૭ પ્રા. શાળામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વીજ સુવિધા ઉપલબ્ધ છે તેમ રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ચુડાસમાએ ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

ગાંધીનગર તાલુકાની ૧૮૬, દહેગામની ૨૨૧, કલોલની ૧૨૦ અને માણસાની ૧૦૦ પ્રા. શાળાઓ છે તે તમામમાં આ વીજ સુવિધા હોવાનું મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

**● આર.ટી.ઈ. એક્ટ હેઠળ ભરતી**

કોંગીના કામિનીબા રાઠોડે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર આર.ટી.આઈ. એક્ટ હેઠળ મુખ્ય શિક્ષકોની કરાયેલી ભરતી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪ અને ૨૦૧૫ દરમ્યાન ૭૦ મુખ્ય શિક્ષકોની ભરતી કરવામાં આવી છે.

૨૦૧૪માં ૪૩ શિક્ષકો અને ૨૦૧૫માં ૨૭ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ભરતીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગરમાં બે વર્ષમાં ૧૫, દહેગામમાં ૧૮, માણસામાં ૧૪ અને કલોલમાં ૨૩ મુખ્ય શિક્ષકોની ભરતી આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત કરવામાં આવી છે.

**● ઈકો ટુરિઝમ**

ગાંધીનગર(દ)ના ભાજપના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ઈકો ટુરિઝમના વિકાસની કોઈ યોજના અમલમાં નથી.

તેમણે એમ પણ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં ગ્રાન્ટ ઈન એઈડ યોજના હેઠળ ઈકો ટુરિઝનના વિકાસ માટેના કામો હાથ ધરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પાછળ રૂ. ૫૦૯.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪માં રૂ. ૨૧૫.૨૮ લાખ અને ૨૦૧૫ માં (ડિસેમ્બર અંતિત) રૂ. ૨૯૪.૭૦ લાખ મળી કુલ રૂ. ૫૦૯.૯૮ લાખનો ખર્ચ કરેલ છે.

**● વિદ્યાલક્ષ્મી બોન્ડ**

ભાજપના શ્રી અશોક પટેલે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કન્યા કેળવણીને ઉત્તેજન માટે અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૬૧૪ પ્રા. શાળાની બાળાઓને અને ૧૯૪ માધ્યમિક શાળાની બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા છે.

એક બાળાને રૂ. ૨૦૦૦ લેખે આ બોન્ડ આપવામાં આવ્યાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે થયેલ ખર્ચની વિગતો આપતાં જણાવ્યુ છે કે પ્રા. શાળાની બાળાઓ પાછળ રૂ. ૧૨,૨૮,૦૦૦નો ખર્ચ થયો છે. ૨૦૧૪માં રૂ. ૫,૧૬,૦૦૦ અને ડિસેમ્બરમાં રૂ. ૭,૧૨,૦૦૦નો ખર્ચ મળી કુલ ૧૨,૨૮,૦૦૦ રૂ.નો ખર્ચ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટનો શુભારંભ





(તસવીર : દિપક જાની)

**આ પ્રોજેક્ટ રાજયના અન્ય શહેરો માટે પણ પ્રેરણાદાયી બનશે : નિતિન પટેલ જીમ જતા યુવાનો સાઇકલીંગ કરીને રોલ મોડેલ બનશે - શહેર પ્રદુષણ મુક્ત થશે : આશિષ દવે**

ગાંધીનગર તા ૨૧

સાઈકલના મામલે ગુજરાતમાં કમનસીબ પ્રથા ઉભી થઈ છે. ગરિબ માણસ જ સાઈકલ ચલાવે તેવી માનસિકતાના લીધે સાઈકલનો વપરાશ સમય જતા સદંતર ઘટી ગયો છે. ત્યારે ગાંધીનગરમાં શરૂ થતા સાઈકલ શેરીંગ પ્રોજેકટ રાજયના અન્ય શહેરો માટે પણ પ્રેરણાદાયી બની રહેશે. ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટને આજે ઈન્ફોસિટી ખાતે આરોગ્યમંત્રી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો.આ તબક્કે તેમણે તેમ પણ જણાંવ્યુ હતુ કે પર્યાવરણ તેમજ શારિરીક સુખાકારી માટે સાઈકલની સવારી લાભદાયી નિવડશે. ટ્રીન ટ્રીન ગ્રીન ગ્રીન પ્રોજેકટને અનુલક્ષી રૂપિયા સાડા સાત હજારની ૧૦૦ જેટલી સાઈકલ ખરીદવામાં આવી છે. જયારે આગામી સમયમાં વધુ નવી સાઈકલો પણ ઉપલબ્ધ કરાશે.

ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટનો આજે ઈન્ફોસિટી કલબ ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# હોળી પ્રાગટ્ય અંગે હજુ અસમંજસતા

**હોળી પ્રાગ્ટય મંગળવાર કે બુધવારે કોઈ લાભ કે નુકશાન નહી : આમ છતા બુધવારે હોલીકાઉત્સવ ઉજવવા વિજ્ઞાન જાથાની અપીલ**

ગાંધીનગર તા ૨૧

હોળી પ્રાગટ્યને અનુલક્ષી

**હોળી પ્રાગટ્ય માટે મંગળવાર અશુભ હોવાની અંધશ્રદ્ધાએ ગેરસમજ ઉભી કરી છે : મંગળવારે જ હોળી પ્રાગટ્ય થઈ શકે : ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી**

ભોર અસમંજસની સ્થિતિ સર્જાઇ છે. ૨૨ અને ૨૩ માર્ચને અનુલક્ષી હોળી પ્રાગટ્ય અંગે દ્વીધા ઉદભવી છે. ત્યારે હાલના સમયે પણ આ મામલે જાણે ગુંચવણ યથાવત હોવાનુ સ્પષ્ટ થયુ છે. જો કે નગરના જયોતિષવિદ તેમજ ધર્માધ્યક્ષના મતે પણ હોળી પ્રાગટ્યના મતે એકસુર સંભળાતો નથી. બીજીતરફ વિજ્ઞાનજાથાએ બધી જ વાતની અવગણના કરી બુધવારે જ હોળીકાદહન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

સમગ્ર દેશમાં આ વખતે હોળી પ્રાગટ્ય વિશે અસમંજસની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે વેધશાળા પંચાગ સમિતિએ તા ૨૨ માર્ચના રોજ હોળીનુ પ્રાગટ્ય થવુ જોઇએ તેવો

**પ્રદોષકાળે પુર્ણિમા ન હોવા છતા બુધવારે હોળી પ્રાગટ્ય થઈ શકે : ગુજરાતના દ્વારકા સહિતનો કેટલાક ભાગ પ્રદોષની તારીખથી અલગ છે - ત્યાં ૨૨ માર્ચના રોજ હોળી પ્રાગ્ટય કરાય : જયોતિષવિદ અંબાલાલ પટેલ**

સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો છે. જયારે વૈષ્ણવ સંપ્રદાયની હવેલીમાં બુધવારે વહેલી સવારે હોળી પ્રાગટ્ય

● અનુસંધાન પાન-૭ પર





# કોલવડા આયુર્વેદ કોલેજ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થઈ જશે

**૪૦૦ બેડની હોસ્પિટલની સુવિધા સાથે ૧૪ વિભાગોમાં સેવાઓ શરૂ થશે : ૧૦૦ બેઠકોની મંજૂરી**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક કોલવડા ગામે ૪૦૦ બેડની આયુર્વેદ હોસ્પિટલ સાથે ૧૦૦ બેઠકો ધરાવતી આયુર્વેદ કોલેજ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થશે.


૧૫ એકર જમીનમાં પથરાયેલ મોડેલ આયુર્વેદ કોલેજ માટે ૧૨૦ બેઠકોની મંજૂરી માંગવામાં આવી હતી પરંતુ આયુષ કાઉન્સીલ દ્વારા ૧૦૦ બેઠકોની પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે અને કોલેજની આખરી મંજૂરી માટે આગામી બે મહિનામાં પુનઃ ઈન્સ્પેકશન માટેની ટીમ આવશે.

રૂ. ૧૫૦ કરોડના ખર્ચે આ અંગેનું મકાન સંપૂર્ણ તૈયાર થઈ જવા પામેલ છે તેમજ સુવિધાઓ ઉભી કરવાની કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં છે.

મળતી વિગતો પ્રમાણે ૪૦૦ બેડની આ હોસ્પિટલમાં ૧૪ જેટલા જુદા જુદા વિભાગો કાર્યરત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

**હાર્દિક અભિનંદન**



**નયનભાઈ એમ. સોલંકી**

**પ્રમુખ : શ્રી છેડાલ પરગણા વણકર સમાજ, ગાંધીનગર**

આપશ્રીની છેડાલ પરગણા વણકર સમાજ, ગાંધીનગરના પ્રમુખ તરીકે સતત ત્રણ ટર્મથી બિનહરીફ વરણી થતા આનંદની લાગણી સહ ઉત્તરોત્તર પ્રગતિના શીખરો સર કરો તેવી શુભેચ્છાઓ સહ આપ વિવિધ દલિત સંસ્થાઓના હોદ્દેદાર, સરકારશ્રીમાં અને શૈક્ષણિક સંસ્થાઓ, ભાજપાના તાલુકા, શહેર, જીલ્લાના હોદ્દેદાર રહ્યા છો જેનો બહોળા અનુભવનો લાભ સમાજને મળે તેવી મનોકામના સહ હાર્દિક અભિનંદન...

લિ.

**શ્રી છેડાલ પરગણા વણકર સમાજ મહિલા કો.ઓ. ક્રેડિટ સોસાયટી (સુચિત) ગાંધીનગર**

સવિતાબેન એમ. સોલંકી-પ્રમુખ | વર્ષાબેન પી. સોલંકી-ઉપપ્રમુખ
ઉલ્પા સી. જાદવ - મહામંત્રી | વર્ષાબેન એ. સોલંકી-સહમંત્રી
સંધ્યા એ. પુરબિયા - મંત્રી | વર્ષા એસ. પુરબિયા-કોષાધ્યક્ષ
કાન્તાબેન વી. ડોડિયા સંગઠનમંત્રી | દક્ષાબેન એમ. પરમાર આંતરિક ઓડિટર
દિવાબેન એમ. પરમાર - સલાહકારશ્રી

**કારોબારી સભ્યો**

જસુમતીબેન એસ. વાઘેલા | નિશાબેન એચ. રાઠોડ
નીતા એમ. ચૌધરી | પારૂલ કે. મકવાણા
શારદાબેન બી. પરમાર | તૃપ્તિબેન પી. પરમાર
મણિબેન જી. મકવાણા | રેખાબેન એમ. પુરબિયા
ગીતાબેન જગદીશભાઈ પરમાર | શારદાબેન આર. સોલંકી
શર્મિલાબેન આર. પરમાર | વિમળાબેન મહેશભાઈ રાઠોડ
કમળાબેન પરમાર | કુસુમબેન પરમાર





# મનપાની ચૂંટણી માટે પાંચ સમિતિઓની રચના કરતી શહેર કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લક્ષમાં રાખી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તૈયારીઓને વેગીલી બનાવવામાં આવી રહી છે.

વોર્ડ બેઠકોનો દોર સંપન્ન થયા બાદ ઝોન કક્ષાની બેઠકો યોજાશે. આ ઉપરાંત ચૂંટણી વ્યવસ્થાપન માટે આજે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પાંચ જેટલી સમિતિઓની પણ રચના કરી દેવામાં આવી છે.

મનપાની ચૂંટણી માટે નિરીક્ષકોની નિયુક્તી પણ પ્રદેશ સમિતિ દ્વારા કરી દેવામાં આવી છે. શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે પાંચ સમિતિઓ રચવામાં આવી છે. જેમાં કાર્યાલય સમિતિ, સંગઠ્ન સમિતિ, સાહિત્ય વિતરણ સમિતિ, પ્રેસ-મીડિયા સમિતિ અને પ્રચાર પ્રસાર સમિતિની રચના કરવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com